| | |
|---|---|
| દાખલ તા. | ૦૩/૦૫/૨૦૨૫ |
| રજીસ્ટર તા. | ૦૩/૦૫/૨૦૨૫ |
| નિકાલ તા. | ૦૩/૦૬/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |

**પોરબંદરના નામદાર પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં,**
**મું. પોરબંદર**

રે.દિ.મુ.નં. ૮૬/૨૦૨૫
આંકઃ–

ઓડેદરા કેશુભાઈ ભીમાભાઈ,
ઉ.વ.આ.૫૮, ધંધો–ખેતી,
રહે. બિરલા કોલોની, ઈન્દીરા નગર,
છાંયા, તા.પોરબંદર. .....વાદી

**વિરુધ્ધઃ–**

(૧) લીલા હાજા ઓડેદરા,
ઉ.વ.આ.૫૦, ધંધો–ખેતી,
(૨) ભના હાજા ઓડદેરા,
ઉ.વ.આ.૫૮, ધંધો–ખેતી,
(૩) રામા ભના ઓડદેરા,
ઉ.વ.આ.૩૮, ધંધો–ખેતી,
(૪) પોપટ લીલા ઓડેદરા,
ઉ.વ.આ.૩૫, ધંધો–ખેતી,
(૫) પ્રકાશ સુમરા ઓડેદરા,
ઉ.વ.આ.૩૮, ધંધો–ખેતી,
(૬) ખીમા સુમરા ઓડેદરા,
ઉ.વ.આ.૩૫, ધંધો–ખેતી,
રહે. તમામ વાડી વિસ્તાર,
મુ. ઓડદર, તા.જિ. પોરબંદર. .....પ્રતિવાદીઓ

| | |
|---|---|
| બાબત | જાહેરાત વિગેરેનો (સ્પેસીફીક રીલીફ એકટની કલમ–૩૭ થી ૩૯ મુજબ) |

<u>વાદી તરફે વિ.વ.શ્રી ડી.બી.લાખાણી.</u>
<u>પ્રતિવાદીઓ તરફે કોઈ નહી.</u>

<u>–:ઠરાવ:–</u>

(૧) વાદીએ હાલનો દાવો દાખલ કરી જણાવેલ છે કે, દાવાવાળી જમીન તેઓએ પ્રતિવાદી નં. ૧ પાસેથી તા. ૧૬/૧૦/૨૦૨૩ ના રોજ નોંધણી નં. ૭૩૭૦ થી ખરીદ કરેલ છે તેમજ માલીક કબજે–ભોગવટેદાર બનેલ છે. જે જમીનની બાજુમાં પ્રતિવાદીઓની જમીન હોય પાણી લેવા સંબંધે તા. ૦૩/૦૨/૨૦૨૫ ના રોજ સમજુતી કરાર નોટરી રુબરુ થયેલ છે પરંતુ પ્રતિવાદીઓ યેનકેન પ્રકારે વાદીને તેમના હકકનો ઉપયોગ કરતા અટકાવતા હોય વાદીએ હાલનો દાવો દાખલ કરી અલગ–અલગ દાદ માંગેલ છે.

(૨) પ્રતિવાદીઓને દાવાનો સમન્સ બજવા છતા પ્રતિવાદીઓ જાતે કે વકીલ મારફતે હાજર થયેલ ન હોય તેમના વિરુધ્ધ એકતરફી કાર્યવાહી ચલાવવાનો હુકમ મારા પુરોગામી સાહેબશ્રી ધ્વારા કરવામાં આવેલ છે.

(૩) આ કામે તા. ૦૬/૦૯/૨૦૨૫ ના રોજ મારા પુરોગામી સાહેબશ્રી ધ્વારા વાદીની તરફેણમા મનાઈ હુકમની અરજી મંજુર કરવામાં આવેલ છે.

(૪) આ કામે આંક–૨૧ થી મારા પુરોગામી સાહેબશ્રી ધ્વારા નીચે મુજબના મુદા કાઢવામાં આવેલ છે.

| | |
|---|---|
| ૧. | શુ વાદી પુરવાર કરે છે કે, પોરબંદર તાલુકાના ઓડદર ગામે ખેડ ખાતા નં. ૧ ૮૨૮ થી જુના રે.સં.નં.૭૨૦/૬ જેના નવા રે.સ.નં.૧૦૦૨ જમીન હે. ૦–૪૨–૪૯ વાળી ખેતીની જમીન વાદીએ અઘાટ વેચાણ દસ્તાવેજથી ખરીદેલ છે ? |
| ૨. | શું વાદી પુરવાર કરે છે કે, પોરબંદર તાલુકાના ઓડદર ગામે ખેડ ખાતા નં. ૧ ૮૨૮ થી જુના રે.સં.નં.૭૨૦/૬ જેના નવા રે.સ.નં.૧૦૦૨ જમીન હે. ૦–૪૨–૪૯ વાળી ખેતીની જમીન વાદીએ અઘાટ વેચાણ દસ્તાવેજથી ખરીદેલ હોય વાદી આ જમીનના કાયદેસરના માલીક અને કબજેદાર છે ? |
| ૩. | શું વાદી પુરવાર કરે છે કે, પોરબંદર તાલુકાના ઓડદર ગામે ખેડ ખાતા નં. ૧ ૮૨૮ થી જુના રે.સં.નં.૭૨૦/૬ જેના નવા રે.સ.નં.૧૦૦૨ જમીન હે. ૦–૪૨–૪૯ વાળી ખેતીની જમીન વાદીએ અઘાટ વેચાણ દસ્તાવેજથી ખરીદેલ હોય વાદી આ જમીનના કાયદેસરના માલીક અને કબજેદાર હોય જેથી આ જમીનનો કબજો ભોગવટો, નીકાલ કરવાનો વાદીને સંપુર્ણ હકક અધિકાર છે ? |
| ૪. | શુ વાદી પુરવાર કરે છે કે આ દાવાની વિગતે વાદીનુ ત્રીજા ભાગનો પાણી |

| | |
|---|---|
| | લેવાનો હકક અધિકાર કોઈપણ અડચણ અટકાયત વિના, (વાદીને પાણી લેવાનો) અધિકાર છે? |
| ૫. | શુ વાદી પુરવાર કરે છે કે, દાવાવાળી વાદગ્રસ્ત જમીન/જગ્યામા વાદીને ધુળ ભરવાનો, સમુનમુ કરવાનો, ઢાળીયુ બનાવવાનો, ભાગીયુ રાખવાનો સંપુર્ણ અધિકાર છે ? |
| ૬. | શુ વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |
| ૭. | શુ હુકમ અને હુકમનામુ ? |

(૫) ઉપરોક્ત મુદાઓના મારા જવાબ નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. | "હકારમાં" |
| ૨. | "હકારમાં" |
| ૩. | "હકારમાં" |
| ૪. | "હકારમાં" |
| ૫. | "હકારમાં" |
| ૬. | "હકારમાં" |
| ૭. | " આખરી હુકમ મુજબ" |

(૬) વાદી તરફે આંક–૨૩ થી સરતપાસનુ સોગંદનામુ રજુ થયેલ છે જેમાં પ્રતિવાદીઓ તરફે કોઈ હાજર થયેલ ન હોય વાદીની ઉલટતપાસ કરવામાં આવેલ નથી. ત્યારબાદ આંક–૨૫ થી ૩૨ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે. ત્યારબાદ આંક–૩૩ થી વાદી તરફે પુરાવો પુરો થયાની જાહેરાત થયેલ છે. આંક–૩૪ થી પ્રતિવાદીઓનો પુરાવાનો હકક બંધ કરવાની અરજી કરતા મારા પુરોગામી સાહેબશ્રી ધ્વારા પ્રતિવાદીઓનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ રેકર્ડ અત્રેની અદાલતમા ટ્રાન્સફર થતા વાદીના વિ.વ.શ્રીની રેકર્ડ મુજબની દલીલ સાંભળેલ છે તેમજ પ્રતિવાદીઓ જાતે કે તેમના વકીલ મારફતે હાજર થયેલ ન હોય તેઓની દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૭) આમ, સમગ્ર રીતે વાદીના દાવાની હકીકતોને પ્રતિવાદીઓ તરફે વિરોધ કરવા કોઈ હાજર થયેલ ન હોય તેમજ આંક–૩૧ થી દાવાવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ રજુ થયેલ હોય તેમજ આંક–૩૨ થી પાણી મેળવવા માટે સમજુતી કરાર થયાનુ પણ રેકર્ડ ઉપર હોય દાવાવાળી જમીન સંબંધે વાદીને માલીક

કબજે–ભોગવટેદાર માનવા માટે અદાલત સમક્ષ કારણ રહેતુ હોય તેમજ પાણી સંબંધે સમજુતી કરાર થયેલાનુ પણ અદાલત સમક્ષ પુરવાર થતુ હોય વાદી મુદા નં. ૧ થી ૬ ની તમામ હકીકતો પુરવાર કરવામાં સફળ રહેલ હોય મુદા નં. ૧ થી ૬ નો જવાબ હકારમાં આપી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) વાદીનો દાવો મંજુર કરવામાં આવે છે.

(૨) પોરબંદર તાલુકાના ઓડદર ગામે ખેડ ખાતા નં. ૧૮૨૮ થી જુના રે.સં.નં .૭૨૦/૬ જેના નવા રે.સ.નં.૧૦૦૨ જમીન હે. ૦–૪૨–૪૯ વાળી ખેતીની જમીન વાદીએ અઘાટ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ હોય અને આ જમીનના વાદી કાયદેસરના માલીક અને કબજે ભોગવટેદાર હોવાનુ ઠરાવવામાં આવે છે.

(૩) વાદીની જમીન સંબંધે પ્રતિવાદીઓને કોઈપણ રીતે અડચણ, અટકાયત કરવાનો હકક, અધિકાર ન હોવાનુ ઠરાવવામાં આવે છે.

(૪) વાદીનો ત્રીજા ભાગનો પાણી લેવાનો હકક, અધિકાર છે તેમા કોઈપણ પ્રકારે પ્રતિવાદીઓને કોઈપણ અડચણ, અટકાયત કરવાનો હકક, અધિકાર ન હોવાનુ ઠરાવવામાં આવે છે.

(૫) વાદીની જગ્યામાં ધુળ ભરવાનો, સમુનમુ કરવાનો તથા ઢાળીયુ બનાવવાનો તથા ભાગીયુ રાખવાનો તથા ત્રીજા ભાગે પાણી લેવાની વાદીને સંપુર્ણ સતા, હકક, અધિકાર હોવાનુ અને તેમા પ્રતિવાદીઓ કોઈ અડચણ, અટકાયત કરે કરાવે તેવો કાયમી મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે.

(૬) વાદીને થયેલ આ દાવાનુ ખર્ચ પ્રતિવાદીઓએ ભોગવવાનુ રહેશે.

(૭) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજરોજ તા. ૦૩ મી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૦૩/૦૬/૨૦૨૬
સ્થળ: પોરબંદર

(ભાવેશ જેઠાભાઈ પટેલ)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ
પોરબંદર
(જજ કોડ: ००९७७)